*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 100801

# 080(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 54 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ આપો.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ છે.
5) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1થી 15 હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

1) પરિપક્વ શુક્રકોષોનો સંગ્રહ કયા અંગમાં થાય છે ?
   (A) વૃષણ કોથળી (B) શુક્રપિંડો
   (C) અધિવૃષણ (D) શુક્રવાહિની

2) ગાય-ભેંસ વર્ગના પશુઓમાં અંડાશયનો આકાર કેવો હોય છે ?
   (A) બદામના ઠળિયા જેવો (B) વાલના દાણા જેવો
   (C) ચોરસ આકાર જેવો (D) દ્રાક્ષ ઝૂમખા જેવો

3) વાછરડી - પાડીના અંડાશયમાં જન્મ પછી અંડાણુ (પુટક) ની સંખ્યા કેટલી હોય છે ?
   (A) 1.75 લાખ (B) 0.75 લાખ
   (C) 0.50 લાખ (D) 0.25 લાખ

4) ગાય-ભેંસમાં ઋતુચક્રની લંબાઈ સરેરાશ કેટલા દિવસની હોય છે ?
   (A) 60 દિવસ (B) 28 દિવસ
   (C) 21 દિવસ (D) 15 દિવસ

5) ફલીકરણ પછી કેટલા દિવસના સમયને અંડાણુગાળો કહે છે ?

(A) 10 થી 12 દિવસ (B) 12 થી 45 દિવસ

(C) 46 થી 54 દિવસ (D) 80 દિવસ

6) ભેંસમાં સગર્ભાકાળ કેટલા દિવસનો હોય છે ?

(A) 285 દિવસ (B) 310 દિવસ

(C) 320 દિવસ (D) 325 દિવસ

7) થીજવેલ વીર્ય પ્રવાહી નાઇટ્રોજનમાં કેટલા તાપમાને સંગ્રહ કરવામાં આવે છે ?

(A) 79° સે. તાપમાન (B) –79° સે. તાપમાન

(C) 196° સે. તાપમાન (D) –196° સે. તાપમાન

8) વીર્યને થીજવવાની પ્રક્રિયા દરમ્યાન કેટલા ટકા શુક્રાણુઓનો નાશ થાય છે ?

(A) 5 થી 10 ટકા (B) 20 થી 30 ટકા

(C) 40 થી 45 ટકા (D) 50 ટકા

9) વીર્યને લાંબા સમય માટે સંગ્રહ કરવા કઈ રીતનો ઉપયોગ થાય છે ?

(A) રૂમના સામાન્ય તાપમાનની રીત

(B) રેફ્રિજરેટરમાં ની રીત

(C) પ્રવાહી નાઇટ્રોજનની રીત

(D) ઉપર્યુક્ત માંથી કોઇપણ નહિ

10) તંદુરસ્ત ગાય-બળદના નાડીના ધબકારા કેટલા હોય છે ?

(A) 50 થી 55 (B) 45 થી 50

(C) 35 થી 40 (D) 28 થી 32

11) સ્ટ્રિપ કપનો ઉપયોગ કયા રોગના નિદાન માટે થાય છે ?

(A) ક્ષય (B) ખરવા-મોવા

(C) ગાંઠિયો તાવ (D) આઉનો સોજો (સરાળવા)

12) માવો બનાવતી વખતે કડાઈમાં કેટલા ટકા ભાગ જ દૂધથી ભરવો જોઈએ ?

(A) 75 ટકા ભાગ (B) 50 ટકા ભાગ

(C) 25 ટકા ભાગ (D) 10 ટકા ભાગ

13) મીઠાવાળા માખણમાં કેટલા ટકા મીઠુ ઉમેરવામાં આવે છે ?

(A) 1 ટકો (B) 2.5 ટકા

(C) 3.5 ટકા (D) 5 ટકા

14) દૂધની વિશિષ્ટ ઘનતા માપવા કયું સાધન વપરાય છે ?

(A) બ્યુટરોમીટર (B) થર્મોમીટર

(C) લેક્ટોમીટર (D) મિલ્કો ટેસ્ટર

15) ભારત સરકાર દ્વારા ખાદ્યપદાર્થ ભેળસેળ નિયંત્રણ ધારો ક્યારે ઘડવામાં આવ્યો ?

(A) ઇ.સ. 1947 (B) ઇ.સ. 1954

(C) ઇ.સ. 1960 (D) ઇ.સ. 1964

## વિભાગ - B

■ **નીચેના 16 થી 30 પ્રશ્નોના ગુણ સરખા છે. જેના ઉત્તરો એક વાક્યમાં કે એક શબ્દમાં લખો. દરેક પ્રશ્નનો 1ગુણ છે.** **[15]**

16) વૃષણ કોથળી કોને કહેવામાં આવે છે ?

17) વીર્ય કોને કહેવામાં આવે છે ?

18) યોનિમાર્ગ કોને કહેવામાં આવે છે ?

19) ગાય-ભેંસ કેટલા કિલોગ્રામ વજન ધારણ કરે ત્યારે પ્રજનન માટે પરિપક્વ બને છે ?

20) સગર્ભાવસ્થાકાળ એટલે શું ?

21) ગાયનો સગર્ભાવસ્થાકાળ કેટલા દિવસનો હોય છે ?

22) થોઇંગ એટલે શું ?

23) પશુના 'પેટનું ડાબું પોલાણ ફલી જાય છે. તેને ટકોરા મારતાં ઢમઢમ અવાજ આવે છે' આ પશુમાં કયા રોગમાં જોવા મળે છે ?

24) આરામથી બેઠેલા પશુઓમાં શ્વાસોચ્છવાસ કેટલા હોય છે ?

25) તંદુરસ્ત પશુ દરરોજ કેટલા લીટર પેશાબ કરે છે ?

26) દૂધ મારફત કયા રોગો ફેલાય છે ?

27) પશુના દૂધમાં લેક્ટોઝનું પ્રમાણ ઘટે અને મીઠાનું પ્રમાણ વધે ત્યારે વેતરના છેલ્લા ભાગમાં દૂધનો સ્વાદ કેવા હોય છે ?

28) દૂધમાં મેળવણ તરીકે કેટલા ટકા લેક્ટિક એસિડ ધરાવતું દહીં વાપરવું જોઈએ ?

29) સારો માવો કેવો હોય છે ?

30) યોગાર્ટ એટલે શું ?

## વિભાગ - C

■ **નીચેના 31 થી 40 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે જેના ટૂંકમાં જવાબ લખો. દરેક પ્રશ્નનાં 2 ગુણ છે.** **[20]**

31) મૂત્રમાર્ગ બેવડું કામ કરે છે. વિધાન સમજાવો.

32) વેતરચક્ર એટલે શું ? વ્યાખ્યા લખો.

33) ભ્રૂણને કેટલા કોષોવાળી અવસ્થાને મોરૂલા અવસ્થા અને કેટલા કોષોવાળી અવસ્થાને બ્લાસ્ટોસિસ્ટ અવસ્થા કહે છે ?

34) પશુની ફળ્યા તારીખ અવશ્ય નોંધી લેવી જોઈએ. વિધાન સમજાવો.

**અથવા**

ઓરનો યોગ્ય નિકાલ કરવો જોઈએ. વિધાન સમજાવો.

35) કૃત્રિમ બીજદાનની બે મર્યાદાઓ જણાવો.

36) કૃત્રિમ બીજદાનની બે પદ્ધતિઓ જણાવો.

37) દોહનની રીતો જણાવો.

38) દૂધ દોહનાર વ્યક્તિની કુટેવો (ખરાબ ટેવો) - ટૂંક નોંધ લખો.

**અથવા**

દોહતાં પહેલાં આઉ-આંચળને સ્વચ્છ પાણીથી ધોવાં જોઈએ. વિધાન સમજાવો.

39) દૂઝણાં પશુ નીરોગી હોવાં જોઈએ. વિધાન સમજાવો.

40) દૂધના પાઉડરના પ્રકાર જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા 41 થી 50 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. માગ્યા મુજબ જવાબો લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[30]**

41) મૂતરણું - ટૂંક નોંધ લખો.

42) ઋતુકાળ-વેતર સમયે જોવા મળતાં લક્ષણો જણાવો.

43) અંડાણુગાળો - ટૂંક નોંધ લખો.

44) પશુમાં વિયાણ પૂર્વેનાં લક્ષણો લખો.

**અથવા**

માતા સંબંધિત કઠિન પ્રસવનાં કારણો ટૂંકમાં જણાવો.

45) થીજવેળ વીર્યના છ ફાયદા જણાવો.

46) પશુના શરીરનું ઉષ્ણતામાન માપવાની રીત સમજાવો.

47) સુયોગ્ય દોહનના છ નિયમો જણાવો.

48) દોહનાલયની સ્વચ્છતા માટેના મુદ્દાઓ જણાવો.

**અથવા**

દૂધનાં વાસણો - ટૂંક નોંધ લખો.

49) માખણ બનાવવાની દેશી રીત અને ડેરીની પરદેશી રીત વચ્ચે છ છ તફાવતના મુદ્દા લખો.

50) દૂધ પરીક્ષણ માટે દૂધના નમૂના લેવામાં રાખવાની કાળજી જણાવો.

## વિભાગ - E

■ **નીચે આપેલા 51 થી 54 સુધીના પ્રશ્નોના ગુણ સરખા છે. માગ્યા મુજબ જવાબ આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[20]**

**51)** ગર્ભાશયગ્રીવા (ગર્ભાશય મુખ) નાં કાર્યો જણાવો.

**52)** કૃત્રિમ બીજદાનના 10 ફાયદા જણાવો.

**અથવા**

કૃત્રિમ બીજદાનના ઇતિહાસના પાંચ મુદ્દા જણાવો.

**53)** આકસ્મિક જામેલું દહીં અને મેળવણ નાખી જમાવેલું દહીં વચ્ચે તફાવત જણાવો.

**54)** લેક્ટોમીટરથી દૂધની વિશિષ્ટ ઘનતા માપવાની રીત સમજાવો.

**અથવા**

ખાદ્યભેળસેળ કાયદાની જોગવાઈ મુજબ 'ખાદ્યપદાર્થમાં ભેળસેળ' થયેલ છે તેમ કયા સજોગોમાં ગણી શકાય ? (પાંચ મુદ્દા લખો)

◆◆◆